એવી તારી ભક્તિ દઈ દે, કરુણાના સાગર... (૨)
અંતરની મસ્તી મારી ક્યારે ન જાયે, (૨) એવી તારી.

સેવા સ્મૃતિના સંગે, રંગી દે એવા રંગે,
ભક્તિનો તાર ન તૂટે, ભક્તિમાં પ્રાણ છો છૂટે,
મુક્તોનું માહાત્મ્ય મારું, જીવન બનાવે,
અંતરની મસ્તી મારી ક્યારે ન જાયે, એવી તારી.

નિર્દોષબુદ્ધિમાં મ્હાલું, સહુમાં હું તુજને જાણું,
મૂર્તિની મસ્તી માણું, પ્રાપ્તિના કેફનું લ્હાણું,
તારી પ્રસન્નતા કાજે ગમતું મૂકાયે,
અંતરની મસ્તી મારી ક્યારે ન જાયે, એવી તારી.

નરસિંહની મસ્તી માગું, લગની મીરાંની યાચું,
શબરીની આશ માગું, ધ્રુવજીના ત્યાગે રાચું,
પાગલ કહીને દુનિયા, હાંસી છો ઉડાવે,
અંતરની મસ્તી મારી ક્યારે ન જાયે, એવી તારી.